શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમદાવાદ (ગ્રામ્ય )

એજ્યુકેશનલ ઇનોવેશન ફેર – 2023-2024

પ્રાથમિક ઇનોવેટર શિક્ષકની યાદી

| ક્રમ | નામ | શાળાનું નામ | તાલુકો | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| 1 | સથવારા નિમેશકુમાર આર. | બકરાણા પ્રા,શાળા | સાણંદ | ૯૪૦૨૮૭૬૭૦૩ |
| 2 | પંચાલ કમલેશભાઈ | વહેલાલ પ્રા.શાળા | દસ્ક્રોઈ | ૯૯૯૮૫૨૦૫૮૭ |
| 3 | ચાવડા સોનલબેન | કાવિઠા પ્રા.શાળા | બાવળા | ૯૬૦૧૯૯૩૦૧૮ |
| 4 | પંચાલ જયશ્રીબેન | ભુવાલડી પ્રા.શાળા | દસ્ક્રોઈ | ૯૯૯૮૬૭૬૩૬૮ |
| 5 | ઠક્કર યોગિતાબેન સી. | સરી પ્રા.શાળા | સાણંદ | ૮૨૦૦૧૨૨૩૮૯ |
| 6 | પ્રજાપતિ અનિતાબેન | જીવનશાળા ગાંગડ | બાવળા | ૯૪૨૮૨૨૦૯૪૧ |
| 7 | પટેલ નીલમબેન | જીવાપુરા પ્રા.શાળા | બા વળા | ૯૯૨૫૨૭૧૫૮૪ |
| 8 | વણકર દિપીકાબેન | કાસીન્દ્રા પ્રા,શાળા | ધોલેરા | ૭૦૧૬૮૦૯૬૭૫ |
| 9 | પટેલ નયનભાઈ | સરસલાપરા પ્રા.શાળા | ધોલેરા | ૯૪૦૮૬૪૮૮૬૦ |
| 10 | પરમાર પીનાકીન | ઝાંખી પ્રા,શાળા | ધોલેરા | ૯૪૨૮૦૫૧૫૩૦ |
| 11 | પટેલ વંદનાબેન | આ.કે.વિદ્યામંદિર | બાવળા | ૯૯૦૯૩૮૫૮૮૮ |
| 12 | વાણિયા હર્ષદકુમાર આર. | મોડેલ સ્કુલ | સાણંદ | ૯૯૨૫૨૫૯૬૯૮ |
| 13 | પટેલ  હર્ષિદાબેન એસ. | સરી પ્રા.શાળા | સાણંદ | ૯૬૨૪૧૧૩૦૭૫ |
| 14 | વાઘેલા હેમંતભાઈ | કુમાર શાળા નં.4 | ધોળકા | ૯૮૯૮૭૦૩૬૮૭ |
| 15 | પટેલ હેતલબેન જે. | કેલિયાવાસણા [પે.સે.શાળા | ધોળકા | ૯૭૨૬૯૪૬૫૫૮ |
| 16 | વાળા ભરતભાઈ કે. | ગલસાણા પ્રા.શાળા | ધંધુકા | ૯૭૨૬૬૧૭૧૭૭ |

| | | | | |
|---|---|---|---|---|
| 17 | અખેડ ભાવિનકુમાર એ | બિરલા હાઈસ્કુલ | ધંધુકા | ૯૯૨૪૧૮૬૮૭૯ |
| 18 | તિવારી સરલાબેન | મેહમદપુરા પ્રા.શાળા | દસ્ક્રોઈ | ૯૭૧૨૩૦૪૨૧૬ |
| 19 | ડાભી અશ્વિન ડી. | ગલસાણા પ્રા.શાળા | ધંધુકા | ૯૮૯૮૬૯૬૬૯૬ |
| 20 | સોની સંતોષબેન વી. | હડાળા પ્રા.શાળા | ધંધુકા | ૯૫૭૪૪૪૭૨૫૭ |
| 21 | ઉમરાણીયા નીતિનભાઈ જે. | આ.કે.વિદ્યામંદિર | બાવળા | ૯૧૦૬૮૭૭૬૦૩ |
| 22 | ડો.ધર્માંશુ પ્રજાપતિ | ઈંગોલી પ્રા.શાળા | ધોળકા | ૯૯૨૪૨૨૬૦૪૩ |

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**:સથવારા નિમેષકુમાર આર.

**હોદ્દો:** આચાર્ય

**શાળા/સંસ્થાનું નામ :** બકરાણા પ્રા .શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી:-** ખોરજ

**મોબાઈલ નંબર:** 9408276703

**ઈમેલ આઈડી:** nimeshsathavara@gmail.com

**વિભાગ :** પ્રાથમિક

**કેટેગરી :** પર્યાવરણ જાગૃતિ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:**જુન 2023

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો :** એપ્રિલ –2024

**નવતર પ્રયોગનું શીર્ષક** :-‘GOOD GREEN CLUB’

**સમસ્યા ઉદ્‌ભવના કારણો:**

- શાળામાં વૃક્ષોનો અભાવ
- વિધાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે ઓછી જાગૃતતા
- વૃક્ષોની જાળવણી પ્રત્યે ઓછી સભાનતા
- કિચન ગાર્ડન ની નબળી સ્થિતિ

**હેતુઓ** :શાળાના બહારની પડતર જમીનનો ઉપયોગ કરી તેને ફેન્સીંગ કરી ગાર્ડન વિકસાવવું

-તુલસીવન વિકસાવવું

-વિદ્યાર્થીમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા લાવવી

-બીજ બેંક બનાવવી

-કિચન ગાર્ડન વિકસાવવું

-કોમ્પોસ્ટ ખાતર બનાવવું

-ઔષધીય બાગ નો વિકાસ

-વેસ્ટ વોટર મેનેજમેન્ટ

-પ્લાસ્ટિક ફ્રી એન્વાયરમેન્ટ બનાવવું

-‘એક બાળક એક વૃક્ષ’ યોજના અમલ માં મુકવી

-પર્યાવરણ થી શિક્ષણ સુધી

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :**

સૌપ્રથમ શાળાના ગેટ બહાર બંને બાજુ તાર ફેન્સીંગ કરવામાં આવ્યું ત્યારબાદ શાળાના મેદાનના ચાર ભાગ કરવામાં આવ્યા અને દરેક ભાગને ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને સોપવામાં આવ્યા.પાંચ ટીમના નામ ગંગા,યમુના,નર્મદા,સાબરમતી અને તાપી રાખવામાં આવ્યા.વિદ્યાર્થીઓના ઘરે વાપરતા શાકભાજીના બીજને શાળામાં લાવી બીજ બેંક બનાવવામાં આવી.દરેક બાળકને એક વૃક્ષ આપવામાં આવ્યું જેની જાળવણી સમગ્ર વર્ષ દરમિયાન તે બાળકે કરવી તેવું સુનિશ્ચિતકરવામાં આવ્યું.શાળા ની પાછળ ના ભાગમાં લતામંડપ કરી શાકભાજી ના વેલા વાવવાનું આયોજન કરવામાં આવેલ છે .આ ઉપરાંત પક્ષી પરબ ,અક્ષયપાત્ર ,પક્ષીઘર જેવા પર્યાવરણલક્ષી કાર્યક્રમો શરુ કરવામાં આવ્યા .પરબ ના પાણી નું વેસ્ટ વોટર મેનેજમેન્ટ કરવામાં આવ્યું .

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:**

વિદ્યાર્થીઓની ટીમ ને તેમના કાર્ય પ્રમાણે બાગાયત સમિતિ ના કન્વિનર શિક્ષક ગુણાંકન કરે તથા પાંચેય ટીમો ના સમગ્ર વર્ષ ના ગુણાંકન ને આધારે શ્રેષ્ઠ ટીમ **ને ‘GOOD GREEN CLUB’** અવોર્ડ આપવામાં આવશે તથા ટીમ ના સભ્યોને પ્રમાણપત્ર થી સન્માનિત કરાશે .મૂલ્યાંકન ની સંપૂર્ણ પ્રક્રિયા google form દ્વારા થશે.

**નવતર પ્રયોગનું પરિણામ:**

- બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવી
- શાળા ની આસપાસ ગ્રીન એન્વાયરમેન્ટનું નિર્માણ થયું .
- બાળકો વિજ્ઞાન અને પર્યાવરણ ની વિવિધ ક્ષમતાઓને પ્રાયોગિક ધોરણે શીખી શક્યા .
- કિચન ગાર્ડન ની શાકભાજી નો મધ્યાહન ભોજન માં ઉપયોગ થઇ શક્યો
- બાળકો ઔષધીય વનસ્પતિ થી અવગત થયા .

**ઉપયોગિતા :**

- 1 થી 8 ની તમામ શાળાઓમાં તથા રાજ્યની તમામ શાળાઓમાં ઉપયોગી થાય તેવો પ્રયોગ છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

- હાલ આ નવતર પ્રયોગ અમારી શાળામાં ઉત્સાહ સાથે ચાલુજ છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** કમલેશકુમાર કે.પંચાલ હોદ્દો - આ.શિ.

**શાળા/સંસ્થાનું નામ** :-વહેલાલ પ્રા.શાળા ,તા-દસક્રોઈ

**ક્લસ્ટર/ક્યૂડીસી:**-એણાસણ **મોબાઈલ નંબર:**-9998520587

**ઈમેલ આઈડી:-** devart20@gmail.com

**વિભાગ :** પ્રાથમિક

**કેટેગરી :** વિશેષ કાર્યક્રમો

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામૂહિક અને વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:**- 1 વર્ષ

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: 1 માસ: 0

**નવતર પ્રયોગનું શીર્ષક** :-મારા અક્ષર સુંદર

**હેતુઓ** :-

-બાળકોના અક્ષરો સપ્રમાણ કરવા.

-બાળકોના અક્ષરોની ઊંચાઈ,પહોળાઈ તેમજ અક્ષરો વચ્ચેનું અંતર સપ્રમાણ રાખવું

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-
સૌ પ્રથમ પેન અથવા પેન્સિલ યોગ્ય માપ રાખવું.ત્યારબાદ બાળકોને શબ્દોની ઊંચાઈ ,પહોળાઈ તેમજ બે અક્ષરો અને શબ્દો વચ્ચેના અંતરની સમજ આપવી.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:**- બાળકોને લેખન કરવા માટે મે જાતે બનાવેલ કાગળ આપી તેમાં શબ્દો,વાક્યો,તેમજ ફકરાનું લેખન વ્યક્તિગત તેમજ સામૂહિક માર્ગદર્શન દ્વારા કરીશ.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

- આ નવતર પ્રયોગથી મારી શાળાના ધોરણ ૩ થી ૪ ના મોટાભાગના બાળકોના અક્ષરોમાં ક્ષતિ દૂર થઈ છે, અને બાળકોમાં આત્મવિશ્વાસ જોવા મળ્યો છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :- આ પ્રોજેકટ ચાલુ છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**: ચાવડા સોનલબેન અરજનભાઇ

**હોદ્દો** :- આ. શિક્ષક

**શાળાનું નામ** - કાવીઠા પ્રાથમિક શાળા

**ક્લસ્ટર** - નગર શાળા બાવળા

**મોબાઈલ નંબર** – 9601993018

**E mail ID** - sonaldinesh.vaza@gmail.com

**લાગુ પડતી સંસ્થા** – પ્રાથમિક વિભાગ

**શૈક્ષણિક મૂલ્યાંકન**

સહ આભ્યાસિક પ્રવૃત્તિ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** - સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવી ?**- માર્ચ 2023 .

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમય ગાળો - વર્તમાન માં પણ નવતર પ્રયોગ ચાલુ જ છે .**

**નવતર પ્રયોગનું શીર્ષક :** 5 R in education

**સમસ્યા ઉદ્ભભવવાના કારણો** - વિદ્યાર્થીઓ વર્ગખંડ માં ગણિત વિજ્ઞાન વિષયવસ્તુ ભણવામાં રસ દાખવતા ન હતા.

**ઇનોવેશનનું સમગ્ર વર્ણન**:

સૌપ્રથમ વિદ્યાર્થીઓને 5R { Recycle, Reuse, Reduce, Refuse, Repair) ની સમજ આપવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓ પાસે ઘરેથી , શાળામાંથી અને શાળાની આસપાસની જગ્યાઓએથી મળતી વેસ્ટ વસ્તુઓ (જેવી કે પ્લાસ્ટિકની બોટલ, પ્લાસ્ટિકની ચમચી, પ્લાસ્ટિક ના કપ, પ્લાસ્ટિક ના ડબા, ન્યુઝપેપર, પુઠ્ઠાં , નારિયળ ની કાચલી, પોલીથીન વગેરે) મંગાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓના વાલીઓને પણ વિદ્યાર્થીઓને સપોર્ટ કરવા માટે વેસ્ટ વસ્તુઓ ભેગી કરવા માટે મદદરૂપ થવા મેસેજ કરવામાં આવ્યો. ત્યારબાદ એકઠી કરેલી વેસ્ટ વસ્તુઓમાંથી 6થી8 માં ગણિત/વિજ્ઞાનના એકમને અનુરૂપ બેસ્ટ વસ્તુઓ અને શૈક્ષણિક મોડેલ, રમકડાં વગેરે શિક્ષકના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવતા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન**

ધોરણ 6થી8 ના બાળકોને ગણિત વિજ્ઞાનના એકમને અનુરૂપ ટૂંકા પ્રશ્નોની પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

| ધોરણ | વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રિ ટેસ્ટ | પોસ્ટ ટેસ્ટ |
|---|---|---|---|
| 6 | 32 | 10 | 20 |
| 7 | 34 | 11 | 23 |
| 8 | 30 | 09 | 21 |

**નવતર પ્રયોગનું પરિણામ:**

વિદ્યાર્થીઓ બનાવેલા સાધનોના ઉપયોગથી શૈક્ષણિક મુદ્દાઓ સરળતાથી સમજતા થયા .

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકત્તાના ગુણનો વિકાસ થયો .

વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાના ગુણનો વિકાસ થયો.

ગણિત-વિજ્ઞાન જેવા વિષય ભણવામાં અભિરુચિ જાગી.

વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃતિ વધી.

**ઉપયોગિતા :**

વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓના વાલીઓ પણ શાળા, ઘર, આસપાસની જગ્યાઓ , ગામના રસ્તાઓ, જાહેર સ્થળો વગેરે જગ્યાઓએ પ્લાસ્ટિક તથા જમીનનું પ્રદૂષણ ના થાય તેની કાળજી રાખતા થયા તથા પર્યાવરણની જાળવણી કરતા થયા.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**:જયશ્રીબેન બાબુભાઇ પંચાલ,**હોદ્દો**:- આ.શિક્ષક

**શાળા/સંસ્થાનું નામ** :- ભૂવાલડી પ્રાથમિક શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી**:-સિંગરવા મોબાઈલ નંબર:-9998676368

**ઈમેલ આઈડી**:- jayshreepanchal8590@gmail.com

**વિભાગ :** પ્રાથમિક

**કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :- સામૂહિક**

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-12 ડિસેમ્બર 2022

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: 0.માસ: 6 (છ)

**નવતર પ્રયોગનું શીર્ષક** :- રમતા ગાતા વ્યાકરણ બન્યું સરળ

**સમસ્યા ઉદ્ભવના કારણો**:- બાળકો સરળતાથી વ્યાકરણ લખવામાં ભૂલો કરતાં હતા, બાળકો વ્યાકરણને સમજી શકતા નહતા. તેથી એકમ કસોટી અને પરીક્ષામાંબાળકોનું વ્યાકરણમાં ખૂબ જ ભૂલો થતી હતી. તેથી આ સમસ્યાનું નિરાકરણ કરવાનું વિચાર્યું.

**હેતુઓ** :- બાળકો હસતાં રમતા ગીતો ગાતા વ્યાકરણ સરળતાથી શીખે છે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

નોંધ : સૌપ્રથમ વ્યાકરણ આધારિત સામાજિક ગીતો બનાવ્યા ત્યાર બાદ બાળકોને ગીતો ગવડાવ્યા. બાળકોને ખૂબ જ મજા આવી. પછી વ્યાકરણને લગતી વિવિધ રમતો બનાવવામાં આવી. જે રમતો દ્વારા બાળકો વ્યાકરણ સરળતાથી યાદ રાખી શકતા અને તેના શિક્ષણ દરમિયાન ઉપયોગ કરતાં પણ શીખ્યા.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-વિવિધ રમત દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

**પ્રિટેસ્ટ નું પરિણામ** **પો.ટેસ્ટ નું પરિણામ**

| કુલ બાળકો | 1 થી 3 ગુણ | 5 થી 7 ગુણ | 8 થી 10 ગુણ | કુલ બાળકો | 1 થી 3 ગુણ | 5 થી 7 ગુણ | 8 થી 10 ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ધો-6 (28) | 20 | 5 | 3 | ધો-6 (28) | 11 | 8 | 9 |
| ધો-7 (32) | 21 | 6 | 5 | ધો-7 (32) | 9 | 10 | 13 |
| ધો-8 (40) | 27 | 6 | 7 | ધો-8 (40) | 13 | 12 | 15 |


**ઉપયોગિતા :**

નોંધ : ધોરણ 6 થી 8 ના વિધ્યાર્થીઓને તેમજ દરેક શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગ કરી શકે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :- હાલમાં નવતર પ્રયોગ દ્વારા બાળકો એકમ કસોટીમાં સરળતાથી વ્યાકરણના જવાબો લખી શકે છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**:  યોગીતાબેન ચીમનલાલ ઠક્કર **હોદ્દો**:-આ.શિ

**શાળા/સંસ્થાનું નામ** :-સરી પ્રાથમિક શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી**:-  મોડાસર મોબાઈલ નંબર:- 82001 22389

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

**Email.ID:-** yogitathakkar70@gmail.com

વિભાગ:- પ્રાથમિક

કેટેગરી:-અન્ય વિષય

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-એક  વર્ષથી

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**:સિદ્ધિ પ્રાપ્ત  ન થાય ત્યા સુધી

**નવતર પ્રયોગનું  શીર્ષક** :- ચિત્ર દ્વારા શિક્ષણ

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો**:-

અધરા પડતા વિષયો કે પ્રસંગો કંટાળાજનક લાગે છે જેને ચિત્રાત્મક વર્ણન દ્વારા રજૂ કરતા બાળકો હસતા ચહેરે રમતા રમતા શીખે અને  શૈક્ષણિક અધ્યયન નિષ્પતી સિદ્ધ થાય.

**હેતુઓ** :-

વિષયવસ્તુ કંટાળાજનક ન બને .રસ રુચિ વધે. ઘટનાક્રમ પ્રમાણે વિષયવસ્તુ નજર સમક્ષ તાદ્રશ્ય થાય .

**ચિત્ર દ્વારા શિક્ષણના હેતુઓ** -

ચિત્ર દ્વારા શિક્ષણથી બાળકના મગજમા જે છાપ પડે છે તે કાયમ યાદ રહે છે.

બાળકોમા સર્જનાત્મક શક્તિ ખીલે છે અને ચિત્ર દોરવાની પ્રેરણા મળે છે

ચિત્ર દ્વારા શિક્ષણ એ હાથવગુ ટી .એલ. એમ. છે.

ચિત્ર દ્વારા સ્ટેપ બાય સ્ટેપ સમજાવવાથી ઘટનાની ક્રમિકતાની છાપ મગજ પર જળવાય છે.

પ્રેરકબળ- ચિત્ર દોરવાની ટેકનિક, ઝડપ અને સ્કેચ દ્વારા શિક્ષણ આપવાની પધ્ધતિ જોઈ શાળાના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રોના સહયોગથી ઇનોવેશન કરવાની પ્રેરણા મળી.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

બાળકોને સરળતાથી અને રમતા- રમતા શિક્ષણ આપવાના હેતુથી સ્થળવર્ણન ,નદી,જિલ્લો,સમુદ્ર ની સમજ નકશો દોરીને પાઠની સમજ માટે જંગલ, વનપરી,વૃક્ષો,વાહનો,બારીવાળુ પેટ,પાચનતંત્ર વગેરે સરળતાથી ચિત્ર દ્વારા કઠિન મુદ્દા ને સરળ બનાવવાનો પ્રયાસ .

**નવતરપ્રયોગનીમૂલ્યાંકનપ્રક્રિયાનુંવર્ણન:-**

મોટાભાગના બાળકોમા સર્જનાત્મક શક્તિનો વિકાસ થયો, નવતર પ્રયોગથી શીખવાનો આનંદ વધ્યો અને શિક્ષણ અસરકારક બન્યુ.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

મોટાભાગના બાળકોમા સર્જનાત્મક શક્તિનો વિકાસ થયો, નવતર પ્રયોગથી શીખવાનો આનંદ વધ્યો અને શિક્ષણ અસરકારક બન્યુ.

**ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ મારી શાળાનાં બાળકો માટે લાગુ કરેલ છે.
આ નવતર પ્રયોગ માટે રસ ધરાવતા શિક્ષકોને માર્ગદર્શનની જરૂર હશે તો

ચિત્રના સ્કેચ સરળ રીતથી દોરતા શીખવુ હશે તો મારૂ વલણ હકારાત્મક હશે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

ધોરણ 3 થી 5 માં પર્યાવરણ વિષય મા હાલ આ પ્રયોગ કાર્યરત

છે. હજુ પણ આ પદ્ધતિ અસરકારક બને તે માટે પ્રયત્ન કરીશ .

મને શિક્ષણ પ્રત્યે ઉત્તરદાયિત્વ નિભાવવાનો અને રમતા - રમતા શીખવવાનો આત્મસંતોષ છે

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** પ્રજાપતિ અનિતાબેન ગનજીભાઈ
**હોદ્દો:**-મદદનીશ શિક્ષક
**શાળા/સંસ્થાનું નામ :-** જીવનશાળા ગાંગડ તા-બાવળા જિ-અમદાવાદ
**ક્લસ્ટર/ક્યૂડીસી:**-ભાયલા
**મોબાઈલ નંબર:-** 9428220941
**ઈમેલ આઈડી:-** anita.ratech@gmail.com
**વિભાગ-** પ્રાથમિક
**કેટેગરી-** પેડાગોજી આધારિત
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :**-સામુહિક
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** વર્ષ 2022 થી
**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ:- 2023 માસ:-એપ્રિલ
**નવતર પ્રયોગનું શીર્ષક :-** રીડ એન્ડ ટોક
**સમસ્યા ઉદ્‌ભવના કારણો:-**

1.અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર તેમજ વાંચન તથા લેખનમાં મહાવરો ન થવાથી સમસ્યા ઉદભવે છે.
2. રોજિંદા જીવનમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ ન થવાને કારણે સમસ્યા ઉદભવે છે.
3. બાળકોમાં જોવા મળતી અંગ્રેજી ભાષાની નીરસતાને કારણે સમસ્યા ઉદભવે છે.
4. વર્ગખંડનું વાતાવરણ નિરસ તથા પ્રત્યાયન વિનાનું થવાથી સમસ્યા ઉદભવે છે.
5. અંગ્રેજી લેખનમાં વિદ્યાર્થીઓની નિષ્કાળજીને કારણે સમસ્યા ઉદભવે છે.

**હેતુઓ :-**

બાળકોમાં અંગ્રેજી ભાષામાં રસ અને રુચિ વધે.
અંગ્રેજી ભાષાનું સરળતાથી વાંચન તથા યોગ્ય ઉચ્ચારણ કરી શકે.
બાળકોને અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર થાય.
બાળકો અંગ્રેજી ભાષામાં સરળતાથી પ્રત્યાયન કરી શકે.
બાળકમાં વાતચીત દરમ્યાન આત્મવિશ્વાસ વધે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-** ધોરણ 6 થી 8 માં અંગ્રેજી ભાષા વાંચન માટે 15 જેટલા પ્રોજેક્ટ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ છે બાળકો અંગ્રેજી ભાષા સરળતાથી સમજે તે હેતુથી બાળકોને અલગ અલગ અંગ્રેજી ભાષાની રમતો રમાડવામાં આવે છે બાળકોમાં અંગ્રેજી ભાષા શીખવવા માટે શાળામાં અઠવાડિયામાં બે દિવસ પ્રાર્થના તથા

પ્રાર્થના નું સંપૂર્ણ આયોજન અંગ્રેજી ભાષામાં જ કરવામાં આવે છે રાયમિંગ વર્ડ્સ દ્વારા શબ્દો ઉચ્ચારણ વધુ મહાવરો કરવામાં આવે છે અંગ્રેજી ભાષાના સંવાદોના નાટ્યીકરણ દ્વારા બાળકો માટે દૂર કરવા માં આવે છે રીડ અલોંગ એપ માં વાંચન માટેની માટેનો મહાવરો કરાવવામાં આવે છે જે બાળકો સારું વાંચે છે એને ગુડ રીડરનો બેચ આપવામાં આવે છે

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-દર અઠવાડિયાના અંતે કાર્ડશીટ દ્વારા વાક્યોનું અને શબ્દોનું વાંચન કરવામાં આવે છે અને જે બાળકો સારું વાંચન કરે છે તેમને ગુડ રીડર નો બેચ આપવામાં આવે છે. દર અઠવાડિયાના અંતે કેટલા બાળકોએ કેટલા બેચ મેળવ્યા તેનું ધોરણ પ્રમાણે રજીસ્ટર નિભાવવામાં આવે છે.

શાળા ના વિદ્યાર્થીઓ દ્વારા દરરોજ અંગ્રેજી ભાષા ના શબ્દોનો ઉપયોગ કરવા જણાવ્યું વળી Loan Word નો પણ તેઓ ક્યાં ક્યાં ઉપયોગ કરે છે તેની યાદી બનાવવાનુ નક્કી કર્યું..જેના ખુબ જ સારા પરીણામો જોવા મળ્યા..

**નવતર પ્રયોગનું પરિણામ:-**

નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )
ધોરણ 6 થી 8 માં 228 બાળકો સમક્ષ પ્રયોગ કરાવામાં આવ્યો જેમાં આશરે ધો-6 માં 30% ધો-૭માં ૪૫% અને ધો -8 માં ૫૫% જેટલા બાળકોમાં અસરકારક પરિણામ જોવા મળેલ છે.

**ઉપયોગિતા :-**

1.શાળા કક્ષાએ 5 થી 8 ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સાબીત થયુ છે.

2. નિન્મ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પણ રસ લેતા થયા.

3.વિદ્યાર્થીઓ દ્વારા થતા સંવાદો ઘર સુધી વિસ્તર્યા જેથી ઘરમાં પણ અંગ્રેજી ભાષામા બોલાતા Loan Word ને અનાયાસે જીવનમાં ઉપયોગી બન્યા.

**પ્રયોગ ની વર્તમાન સ્થિતિ**- હાલ આ પ્રયોગ ચાલુજ છે.બાળકો ભયમુક્ત રીતે અંગ્રેજી વાંચતા થયા છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

## શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**: પટેલ નિલમબેન મહેન્દ્રભાઈ **હોદ્દો**:-આશિ

**શાળા/સંસ્થાનું નામ** : જીવાપુરા પ્રાથમિક શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી**:-ચીયાળા **મોબાઈલ નંબર**:-9925271584

**ઈમેલ આઈડી**:-nilam.bechraji@gmail.com

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :-વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-15 જૂન 2023

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: 0 માસ: 2

**નવતર પ્રયોગનું શીર્ષક** :-રમતાં રમતાં ગણિત શીખીએ

**સમસ્યા ઉદ્‌ભવના કારણો**:-

* બાળકો સરવાળા માં વદી લેવાનું અને ગણવાનું ભૂલી જાય છે
* પ્રારંભિક ધોરણોમાં બાળકો સંખ્યા જ્ઞાનમાં ભૂલો કરે છે
* ધોરણ 6 થી8 નાંબાળકોનેલ. સા. અ.શોધવામાંતકલીફ પડેછે

**હેતુઓ** :-

* બાળકોસરવાળામાંવદીલેવાનુંઅનેતેનોસમાવેશગણતરીમાંકરવાનુભૂલીનજાય
* બાળકોનેસંખ્યાજ્ઞાનઅનેલ.સા.અ.માંપડતી મુશ્કેલીઓ દૂરથઈજાય

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

(1) નકામી બોટલના ઢાંકણા પર અંકો લખવા. કાર્ડ પેપરમાં કાણા પાડી તેઅંક લખેલ ઢાંકણાને ત્યાં ફિટ કરી સરવાળાની રકમ બનાવવી, વદી ચઢાવવા માટે સંખ્યા વચ્ચે પટ્ટી કાપવી, અંકો ગણી જવાબની વદી તે પટ્ટી મારફતે આગળના અંકો પરચઢાવવી અને પછી તે અંકોનો સરવાળો કરી સરવાળાની ક્રિયા પૂર્ણ કરવી.

(2)1 થી 100 ના અંકો કટીંગ કરી કાર્ડ પેપર પર લગાવી દેવા, કાગળમાંથી 10 દેડકા બનાવીતે દરેક દેડકા પર 1થી10ના ક્રમિક અંક લખવા,

☞આ મોડલથી બાળકો ગીનતી શીખશે

☞જે અંકનો ઘડીયો બનાવવો હોય તે નંબરનો દેડકો ક્રમિક કુદાડવો ઉદા:-3નો ઘડિયો બનાવવો હોયતો ત્રણ નંબરના દેડકાને 3,6,9,12.....ઉપર કુદાડવો

☞એકીસંખ્યાબેકીસંખ્યાશીખવવાલાલરંગનાઅંકોએકીસંખ્યાછેઅનેકાળારંગનાઅંકોબેકીસંખ્યાછે
☞આગળપાછળઅનેવચ્ચેનીસંખ્યાશીખવાડવામાટે

| | | |
|---|---|---|
| 33 | 34 | 35 |

☞ગુ.સા.અ.નું પ્રારંભિક જ્ઞાન આપવા માટે તે બે સંખ્યાઓના અંકોવાળા દેડકાઓને વારાફરતી તેમના અંક મુજબ ક્રમિક કુદાળી તેબંને જ્યાંપહેલી વાર ભેગા થાય તે અંક તેબે સંખ્યાનો લ.સા.અ. છે ઉ.દા:-4 અને 6 નો લ.સા.અ. :-........

4 નંબરનો દેડકો 4,8,12 ઉપર કુદશે

6 નંબરનો દેડકો 6,12 ઉપર કુદશે

બંને નંબરના દેડકા 12 નંબર પર પહેલી વાર ભેગા થાય છે તેથી 4અને6નો લ.સા.અ  12થાય

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-** દર ૧૫ દિવસે ક્વીઝ દ્વારા મૂલ્યાંકન થાય છે.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

આબંને મોડલનો ઉપયોગ બાળકો શાળામાં કરે છે તેથી તેમનો ગણિત વિષય પ્રત્યેનો હાઉ દૂર થયો છે અને બાળક ગમ્મત સાથે જ્ઞાન લે છે

**ઉપયોગિતા :**

સરવાળામાં પ્રારંભિક સંખ્યા જ્ઞાન અને લ.સા.અ શોધવામાં ખાસ ઉપયોગી બન્યું

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :- કાર્યરત

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** દિપીકાબેન દિનેશભાઈ વણકર હોદ્દો:-ઉપશિક્ષક

**શાળા/સંસ્થાનું નામ :-**શ્રી કાસીન્દ્રા પ્રાથમિક શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી:-** ભડીયાદ મોબાઈલ નંબર:-૯૦૧૬૯૬૩૯૪૩

**ઈમેલ આઈડી:-** deepikavaniya86@gmail.com

**વિભાગ**-પ્રાથમિક

**કેટેગરી-** પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-**૧૦/૦૮/૨૦૨૩

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: .....૦........માસ: .....૦૧............

**નવતર પ્રયોગનું શીર્ષક** :-Read English, Speak English, Sing English

**સમસ્યા ઉદ્‌ભવના કારણો:-**

1. અંગ્રેજી વિષયનો ડર.
2. અંગ્રેજી અંગ્રેજી પ્રત્યેની નિરસતા.
3. અંગ્રેજી વાંચતા ન આવડતા અંગ્રેજીમાં બોલવા કે ગાવામાં આત્મવિશ્વાસનો અભાવ.

**હેતુઓ :-**

1. બાળકો રિશેષ સમયે અંગ્રેજી શીખે
2. અંગ્રેજી શિક્ષણ પ્રત્યે રસ – રુચિમાં વધારો થાય.
3. અંગ્રેજી સ્પેલિંગ શબ્દભંડોળમાં વધારો થાય.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

શાળામાં આવ્યાના બે દિવસ પછી શાળાના વિધાર્થીઓમાં અંગેજી શિક્ષણનો ડર દૂર કરવા માટે અલગ કોર્નરની શરૂઆત કરવામાં આવી.

**કાર્ય રચના :-** બાળકોને રસ પડે ને અંગ્રેજી બોલવું ગમે તે માટે ચાર્ટકાર્ડમાંથી વિવિધ મનગમતાં ટી.એલ.એમ.બનાવી તેનાથી વિવિધ એક્ટીવિટી કરાવી તેમજ

1. અંગ્રેજી ઉચ્ચારોમાં જ આપણા ગુજરાતી બાળગીતો તેમજ અભિનય ગીત ગવડાવવા.
2. બાળવાર્તા તેમજ શોર્ટ સ્ટોરી(ટૂંકી વાર્તા) કરાવવામાં આવે છે.
3. સાપસીડીની રમતો દ્વારા ફળોના, શાકભાજીના પ્રાણીઓના નામવાળી સાપસીડી રમાડવામાં આવે છે.

4. ચાર્ટ દ્વારા તેમજ ટી.એલ.એમ. દ્વારા અને નાનકડા ફ્લેશ કાર્ડ જેમાં બે, ત્રણ, ચાર, પાંચ, છ તથા તેથી વધારે અક્ષરના સ્પેલિંગના અલગ અલગ સ્પેલિંગ કાર્ડ દ્વારા એક ENGLISH LEARNING COURNER બનાવવામાં આવેલ છે.
5. પ્રાણીઓ, પક્ષીઓ,શાકભાજી, ફળ, જીવજંતુ, માસવાર અન્ય સ્પેલિંગ તથા I, THIS, THAT, HE, SHE, IT, YOU, MY, OUR, WE થી શરૂ થતા વાક્યો ઉપરાંત MY SELF, MY BODY, MY FAMILY, MY SCHOOL જેવા નિબંધ તથા અન્ય અંગ્રેજી કાવ્યો રાખવામાં આવ્યા. આ કાર્ડ દ્વારાબાળકો રિશેષ સમયે તથા પ્રાર્થનામાં નવરાશના સમયે સ્વયંભુ રસ – રુચી સાથે શીખતા,બોલતાં અને ગાતાં થયાં તથા અન્ય બાળકોને શીખવતા થયા.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

બાળકોમાં દર 10 દિવસે ક્વિઝ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું. બાળકોને અંગ્રેજી શિક્ષણ પ્રત્યે રસ વધેલો જોવા માળ્યો. પ્રીટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

પ્રથમ 10 % બાળકો તૈયાર હતા. ત્યારબાદ 25 % તે પછી 40 % તથા 60 % જેટલું પરિણામમાં સુધારો થયેલ જોવા મળ્યું નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :- હાલ વર્ગના 65% બાળકો અંગેજી ભાષાનો ડર દૂર થયો છે, તેમજ નવા ગીતો ને શબ્દો બોલતાં થયાં છે.

**ઉપયોગિતા :**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

બાળકો અંદરો અંદર વાર્તાલાપમાં અંગ્રેજી શબ્દો વાપરતા થયા. વર્ગમાં અંગ્રેજી વિષય પ્રત્યે રસ વધ્યો. અગ્રેજી વાંચન, લેખન ઉચ્ચારમાં સુધારો થયો. આગામી શિક્ષણમાં અગત્યની ઉપયોગિતા. ઇનોવેશનમાં ધોરણ ૬-૭-૮ના બાળકો જોડાયા.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :- કાર્યરત

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**: નયનભાઈ ઘેડુભાઈ પટેલ **હોદ્દો:-** આ. શિ.

**શાળા/સંસ્થાનું નામ** :- -સરસલાપરા પ્રાથમિક શાળા,તા-ધોલેરા

**ક્લસ્ટર/ક્યૂડીસી:-** પીપળી

**મોબાઈલ નંબર:-** 9408648860

**ઈમેલ આઈડી:-** patelnayan353@gmail.com

**વિભાગ-** પ્રાથમિક

**કેટેગરી-** પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** 01/09/2023

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: કાર્યરત

**નવતર પ્રયોગનું શીર્ષક** :- અંગ્રેજી ભાષાના TLM

**સમસ્યા ઉદ્ભવના કારણો:-** અંગ્રેજી ભાષા પ્રત્યેની નીરસતા અને ડર

**હેતુઓ** :- ૧.બાળકોને અંગ્રેજી ભાષા પ્રત્યે રસ રુચિ જાગે. ૨. આનંદિત અને પ્રવૃત્તિમય શિક્ષણકાર્ય અને ૩.બાળકો જૂથમાં રહી જાતે જ શિક્ષણ કાર્ય કરે છે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-
શાળામાં ધોરણ ૩ થી ૫ ના બાળકોને અંગ્રેજી વિષયની અધ્યયન નિષ્પતિઓને ધ્યાનમાં રાખી વર્ગ ખંડમાં રમત સાથે પ્રવૃત્તિમય શિક્ષણ આપવાના હેતુથી આ પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

નોંધ : ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રકિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-આ પ્રયોગથી બાળકો સરળતાથી એકશન વર્ડ નો ઉપયોગ કરી શબ્દોને વાક્યોમાં ફેરવી શકે છે, ૧થી ૧૦ સુધીની સ્પેલીંગો, પાક્કી કરી શકે છે. આ પ્રયોગથી ૫૦% જેટલું સારું પરિણામ પ્રાપ્ત થયું.

**નવતર પ્રયોગનું પરિણામ**:-આ પ્રયોગથી બાળકો સરળતાથી અંગ્રેજી ભાષાના અંકો એકશન વર્ડ અન્ય ગ્રામર શીખી શકે છે.જેમાં ૫૦% જેટલું સારું પરીણામ પ્રાપ્ત થયું છે.

**ઉપયોગિતા** :
આ નવતર પ્રયોગ પૂર્વ પ્રાથમિક વિભાગ ધો.૩ થી ૫ માટે જ છે

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :- કાર્યરત

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** પરમાર પિનાકીનભાઈ અશોકભાઈ
**હોદ્દો:-** સહાયક શિક્ષક.
**શાળા/સંસ્થાનું નામ :-** ઝાંખી પ્રાથમિક શાળા.
**ક્લસ્ટર/ક્યૂડીસી:-** સાંઢીડા      **મોબાઈલ નંબર:-**9428051530
**ઈમેલ આઈડી:-** parmar.pinakin23@gmail.com
**વિભાગ-** પ્રાથમિક
**કેટેગરી-** પેડાગોજી આધારિત
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** જૂન 2022 થી શરૂ....

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** ચાલુ છે.

**નવતર પ્રયોગનું શીર્ષક :-** શિક્ષણમાં વાર્તાકથન પદ્ધતિનો વિનિયોગ.

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-** (1) બાળકો વાર્તા કથન કરવામાં મુશ્કેલી અનુભવતા હતા.

(2) બાળકો વાર્તાલેખન કૌશલ્યમાં મુશ્કેલી અનુભવતા હતા.

**હેતુઓ :-** (1) વિદ્યાર્થીઓના સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થશે.

(2) વિદ્યાર્થીઓ વાર્તા કથન કૌશલ્ય હસ્તગત કરશે.

(3) વિદ્યાર્થીઓને લેખન અભિવ્યક્તિ ક્ષમતાનો વિકાસ થશે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**
પ્રાર્થના કાર્યક્રમમાં, વર્ગકાર્યમાં, વાર્તા લેખન સ્પર્ધા કરવી, વાર્તા દિનની ઉજવણી કરવી, વાર્તા સપ્તાહની ઉજવણી કરવી, વાર્તા કથનનો પ્રત્યક્ષ પાઠ આપવો, વાર્તા કથન પદ્ધતિ વિદ્યાર્થીઓને ચાર્ટ દ્વારા અને અધ્યાપન દ્વારા માહિતી આપવી, પુસ્તકાલ ઉપયોગમાં વિદ્યાર્થીઓ વાર્તાના પુસ્તકોનું જ વાંચન કરે તેનો આગ્રહ રાખવો

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

નિરીક્ષણ દ્વારા. કસોટી દ્વારા. વિદ્યાર્થી વર્તનમાં આવેલ પરિવર્તનની નોંધ લેવી

**ઉપયોગિતા** :

પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-બાળકો વાર્તા લેખનમાં અને વાર્તા કથનમાં આગવું પ્રભુત્વ ધરાવે છે. જિલ્લા કક્ષા સુધી વાર્તા નિર્માણ અને વાર્તા કથન સ્પર્ધામાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. બાળસૃષ્ટિ જવા સામાયિક નું નિયમિત વાંચન કરે છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઈનોવેટર શિક્ષકનું નામ** :- ડો. વંદનાબેન ગુણવંતભાઈ પટેલ

**હોદ્દો**: આ. શિ.

**શાળા/સંસ્થાનું નામ** :- આ કે વિદ્યામંદિર ,બાવળા.

**મોબાઈલ નંબર**:-9909385888

**ઈમેલ આઈડી**:- vandanapatel1980@gmail.com

**વિભાગ**- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

**કેટેગરી**- સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-1 જુલાઈ 2023

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો**: માસ: 3

**નવતર પ્રયોગનું શીર્ષક** :- પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ

**સમસ્યા ઉદભવના કારણો**:- વિષયો અઘરા લાગવા

આકૃતિઓ દોરવામાં તકલીફ પડવી

સાયન્સ સ્ટ્રીમ બદલી અન્ય સ્ટ્રીમ પસંદ કરવી

**હેતુઓ** :- વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ દ્વારા શીખે

વિદ્યાર્થીઓ પ્રવૃત્તિમાં રસ કેળવે

વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ જાતે કરતા શીખે અને અન્યને શીખવાડે

વિદ્યાર્થીઓમાં આકૃતિ દોરવાનુ કૌશલ્ય કેળવાય

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-નકામી વસ્તુઓનો ઉપયોગ કરી પ્રવૃત્તિ માટેના સાધનો તૈયાર કરી જીવંત શિક્ષણ વર્ગખંડમાં અને બહાર શરુ કર્યું .જેથી વિદ્યાર્થીઓને અઘરું વિષયવસ્તુ શીખવામાં રસ જાગ્યો અને તેઓ જાતે પ્રવૃત્તિઓ કરવા લાગ્યા.આકૃતિ બેઝ પ્રશ્નો શીખવવા વિદ્યાર્થીઓ પાસે ચાર્ટ પર આકારોની દોરાની,કાપણી અને રંગપુરણી કરી વિદ્યાર્થીઓ ને પ્રવૃત્તિમય બનાવ્યા.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-પ્રથમ સોપાનમાં વિદ્યાર્થીઓની વિષયવસ્તુ આધારિત પરીક્ષા લીધી.મૂલ્યાંકન તથા ઉપચારાત્મક કાર્ય કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ**:- વિદ્યાર્થીઓ આકૃતિ પરથી પ્રશ્નોનું સારું વર્ણન લખી શકયા 100% હકારાત્મક પરિણામ પ્રાપ્ત થયું.

**ઉપયોગિતાઃ**

પ્રવૃત્તિ દ્વારા અને આકૃતિ દ્વારા પ્રશ્નોના ઉત્તર સારી રીતે વિદ્યાર્થીઓ લખી શક્યા

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :- કાર્યરત

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**:વાણીયા હર્ષદકુમાર આર. **હોદ્દો**:- મ.શિ.

**શાળા/સંસ્થાનું નામ** :- મોડેલ સ્કૂલ સાણંદ

**ક્લસ્ટર/ક્યૂડીસી**:- dg **મોબાઈલ નંબર**:- 9925259698

**ઈમેલ આઈડી**:- harshadvaniya6681@gmail.com

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

**નવતર પ્રયોગ શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**: સપ્ટેમ્બર 23 થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળોઃ કાર્યરત છે**

**નવતર પ્રયોગનું શીર્ષક** :- ભારતીય સંસદ

સમસ્યા ઉદ્દભવના કારણો:- વિદ્યાર્થીઓ તથા સમાજમાં સંસદીય કાર્ય પ્રણાલી વિશેની ગેરસમજ દૂર કરવા બાબત

**હેતુઓ**:

• વિદ્યાર્થીઓ ભારતની સંસદીય પ્રણાલીથી અવગત થાય

• વિદ્યાર્થીઓ લોકશાહીના અંગો અને મૂલ્યો વિશે જાણે

વિદ્યાર્થીઓ સમાજમાં લોકશાહીનો સાચા અર્થમાં પ્રચાર પ્રસાર કરવા સક્ષમ બને

• આધુનિક બહુવિધ માધ્યમોમાં થતી ચર્ચાઓ વિશે સમજ કેળવે અને સમજૂતીનું પૃથકકરણ કરતા શીખે

**ઈનોવેશનની અમલીકરણની વ્યૂહરચના** -(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-

- ભારત જેવા લોક્શાહી દેશમાં ઘણા લોકોને વિધાનસભા, સંસદ, ધારાસભ્ય,સંસદ સભ્યનું મહત્વ, ચૂંટણીની સાચી પ્રક્રિયાથી ખૂબ જ અજાણ હોય છે જેથી કરીને દેશનું ભવિષ્ય શાળા કક્ષાએથી જ લોક્શાહીના મૂલ્યો વિશે માહીતી ખૂબ જરૂરી છે.
- ❖ શાળામાં વિષય આધારિત વિષયવસ્તુ સાથે દેશની લોકશાહી તથા વર્તમાન સમયમાં ચાલતી કામગીરી

તેમજ બંધારણના ત્રણ મહત્વના અંગો- ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વિશે વધુ જાણી સરખામણી કરી.

જીવનમાં આગળના ભવિષ્ય માટે અત્યારથી જ સમજ કેળવે- નાગરિકના હકો, ફરજો વિશે વિશેષ જાણકારી મેળવે તે અગત્યની બાબત છે.

આ નવતર પ્રયોગમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના કલર કોડ તથા ટોકન આપવામાં આવશે. અને તેમાંથી યોગ્ય કલર મેચ કરવો- ત્યારબાદ તેમની કામગીરી લાયકાત અને સત્તા શું છે

તેની સમજણ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવશે કલર કોડ મેળવી બનાવેલ મોડલમાંથી અલગ અલગ બાળકો અને અલગ અલગ વિષય સાથે આનંદથી ભાગ લઈ તેમાંથી તેની જાણકારી મેળવશે અને બીજા બાળકોને સમજવામાં મદદરૂપ થશે.

**ઉપયોગિતાઓ :-**

• ધોરણ 9 તથા 10 ના વિદ્યાર્થીઓ આવનાર ભવિષ્યમાં રાજ્ય પરીક્ષા માટે બંધારણના પ્રશ્નો વિગતવાર સમજશે અને ઉત્સાહથી પરીક્ષાઓમાં ભાગ લેશે

• સંસદીય પ્રણાલીને સમજશે અને તેના માર્ગદર્શનથી સમાજની યોગ્ય નીતિ નિયમો લોકશાહીના મૂલ્યો સમજશે.

• લોકશાહીનો સાચા અર્થમાં સમાજમાં પ્રચાર તથા પ્રસાર કરશે.

• વિદ્યાર્થીઓ ટી.વી. તથા અન્ય માધ્યમોમાં આવતી ચર્ચા અને બીજી બાબતોનું પૃથક્કરણ કરી શકશે.

બાળકોની યોગ્યતાનું મૂલ્યાંકન કરશે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-**

કલર કોડ ડેટા કલર કોડ અને તેના જવાબો માટે ગુણ 10 માં મૂલ્યાંકન

• સ્માર્ટ બોર્ડ પીડીએફ દ્વારા શિક્ષણકાર્ય કસોટી દ્વારા મૂલ્યોકન

• OMR દ્વારા સહ અભ્યાસિક પ્રવૃત્તિ નું સ્પર્ધાત્મક મૂલ્યાંકન

• પાત્રો પસંદગી દ્વારા મૂલ્યાકન..... વિગેરે...

**નવતર પ્રયોગનું પરિણામ:-** આ નવતર પ્રયોગ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં ઘણા પરિવર્તનો જોવા મળ્યા છે આનંદપ્રદ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સાથે સમજ કેળવાયેલ જોવા મળે છે ભારતનું યોગ્ય નાગરિક બની ભારતની સેવા આપતો નાગરિક મળશે...વિવિધ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપી અને સાબિત કર્યું કે તેમને ઘણું બધું નૉલેજ મળેલ છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

નવતર પ્રયોગ હાલ કાર્યરત છે..

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** હર્ષિદાબેન શાંતિલાલ પટેલ **હોદ્દો:**-આ.શિ.

**શાળા/સંસ્થાનું નામ** :- સરી પ્રાથમિક શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી:**-મોડાસર **મોબાઈલ નંબર:**- ૯૬૨૪૧ ૧૫૦૭૫

**ઈમેલ આઈડી:**-harshidapatel@gmail.com

**વિભાગ**- પ્રાથમિક

**કેટેગરી**- સાંપ્રત વિષયો – FLN

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-સામુહિક**

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:**-2020

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ** વર્ષઃ 2027 માસઃ ................

**નવતર પ્રયોગનું શીર્ષક :** **-FLN (Foundational,Literacy & Numeracy)**

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-**

શાળામાં બાળકોની હાજરીમા અનિયમિતતા

મહાવરાનો અભાવ

બીજાના પ્રમાણમાં બાળક્ની શીખવાની ઝડપ ઓછી

**હેતુઓ** :-

1, વિદ્યાર્થીઓમાં સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું કૌશલ્ય વિકસે

2, શાળાના તમામ વિદ્યાર્થીઓને FLN મુક્ત બનાવવા

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

સાધન-સામગ્રી : વાંચન ગણન લેખન ટીએલએમ,શબ્દ કાર્ડ,એફ એલ એન સ્ટેજ,

**એક નવા જ કોન્સપટ સાથે FLN ની પ્રક્રિયા**

⬇

11:20 થી 12

⬇

**15 મિનિટ : ગણન**

1 શિક્ષક બોર્ડ પર સરવાળા, બાદબાકી,ગુણાકાર,ભગાકાર, વ્યવહારુ કોયડા ના એક એક દાખલા મુકે છે વિદ્યાર્થીઓ તેને ગણે છે ત્યારબાદ શિક્ષક શ્રી બોર્ડ પર તે દાખલા ગણે છે વિદ્યાર્થીઓ તેને ચેક કરી લે છે

⬇

**10 મિનિટ :લેખન**

2,શિક્ષક વિદ્યાર્થીઓને ફકરો લખાવે છે

⬇

**15 મિનિટ : વાંચન**

3, વિદ્યાર્થીઓ પાસે વાંચન કરાવવામાં આવે છે

⬇

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

**મૂલ્યાંકન**

⬇

આખા સત્રના શિડયુલ મુજબ દર 20 દિવસે મૂલ્યાંકન જેમાં શાળાના શિક્ષકશ્રીઓ દ્વારા કોઈ પણ વર્ગખંડનું વાંચન,લેખન,ગણનની ટેસ્ટ લેવામાં આવે છે ચેક કરવામાં આવે છે.દરેક ધોરણ વાઈઝ પ્રશ્ન પત્ર બનાવવામાં આવે છે. દર વખતે અલગ અલગ શિક્ષક દ્વારા જે તે વર્ગનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

આ નવતર પ્રયોગથી હાલ અમને ૭૫ થી ૮૦ ટકા પરિણામ મળ્યું છે.શાળા fln મુક્તન બને ત્યાં સુધી અમારા પ્રયત્નો ચાલુજ રહેશે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-** કાર્યરત

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ -**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ** :હેમંત રતિલાલ વાઘેલા , HTAT આચાર્ય
**શાળાનું નામ** :પે સેન્ટર કુમાર શાળા નં.૪, તાલુકો : ધોળકા
**મોબાઇલ નંબર** :૯૮૯૮૭૦૩૬૮૭
**ઇનોવેશનનું નામ** : Toy Classroom @ Zero Coast
**નવતર પ્રયોગની કેટેગરી** :Child Pedagogy, NEP, લોકભાગીદારી
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:૧૫/૬/૨૦૨૨થી
**હેતુ :**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અંતર્ગત પ્રારંભિક બાળ સંભાળ, પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર ભાર, આંગણવાડી અને પ્રી-સ્કૂલના અભ્યાસક્રમનું નિર્માણ, આર.ટી.ઈ. ૨૦૦૯ મુજબ શાળામાં કોઈપણ પૂર્વગ્રહ રહિત તમામ વિદ્યાર્થીઓને સમાન તક આપવી.
- વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ કરવો, વિષય અનુરૂપ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવી, વૈચારિક અને પ્રયોગાત્મક શિક્ષણ દ્વારા વિષય અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવી.
- અર્લી ચાઇલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન તબક્કાના નવીન અભ્યાસક્રમ માળખા મુજબ વિદ્યાર્થીઓને સાક્ષર વિષયોમાં અનુબંધ દ્વારા કેળવવા.

**અમલીકરણ :**

- શાળાના વિદ્યાર્થીઓને પ્રાર્થનાસભામાં તેમજ વાલીઓને વાલી મીટીંગમાં **Toy Classroom** (રમકડાં ઘર)ની સમજ, તેની જરૂરિયાત અને ફાયદા વિશે ચર્ચા કરવામાં આવી.
- દક્ષિણામૂર્તિ ભાવનગરની પદ્ધતિ મુજબ ધોરણ ૧/૨ ના વિદ્યાર્થીઓને શાળા શરૂઆતના શિક્ષણ કલાકમાં રમકડાં ઘરમાં રમવાની પદ્ધતિ નક્કી કરવામાં આવી.
- શાળાના શિક્ષકો, દાતાશ્રીઓ અને લોક સહયોગ દ્વારા જૂના, નવા તેમજ વણવપરાયેલ રમકડાંઓ શાળામાં દાનમાં સ્વીકારવામાં આવ્યા.
- માનસિક કસરત, શારીરિક શ્રમ, ગાણિતિક મુલ્યો, ભાષા જ્ઞાન, નિદર્શન અને વાંચન પ્રકારના, કોઠાસૂઝના વિવિધ ભાગમાં ગોઠવણી કરી તેના દ્વારા જૂથ-સહપાઠી અને સમૂહ શિક્ષણ આપી શકાય તે પ્રમાણે રમકડાંઓ ગોઠવવામાં આવ્યા.

**સાધનસામગ્રી :**

- વર્ગખંડની અંદર રમી શકીએ તેવા વિવિધ રમકડાં

**નવતર પ્રવૃત્તિની કાર્યપદ્ધતિ (વ્યૂહરચના) :**

- **Toy is not TLM.. !**

- શાળાકક્ષાએ વિવિધ રમકડાંઓ,જરૂરી સાધનો,બેનર, ચાર્ટ,પુસ્તકો, સ્ટેશનરી, લોક સહયોગ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યા.
- બાળકેન્દ્રી અભિગમ અનુરૂપ વિષય મુજબ બાળકોને રમવા માટેની પુરતી તક આપવામાં આવી. નિષ્ણાતો દ્વારા સિદ્ધ વિવિધ રમતો વડે બાળકોને અભ્યાસ પૂર્વેના સમયગાળામાં શૈક્ષણિક અનુભવોમાં જોડવામાં આવ્યા.
- અભ્યાસક્રમ આધારિત જુદા જુદા એકમના સંલગ્ન રમકડાંથી બાળકોને વિષયશિક્ષણના અનુકુલનમાં લાવવામાં આવ્યા જે થકી વિદ્યાર્થીના જાતે કરીએ અને સમજીએના કોન્સેપ્ટને ચરિતાર્થ કરવામાં આવ્યા.
- વિવિધપ્રકારના રમકડાં ઝીરો કોસ્ટ પર વસાવીને પાયાગત શિક્ષણ **Toy Classroom** કોન્સેપ્ટને સિદ્ધ કર્યો.

**ઉપયોગિતા / આઉટકમ :**

- છેલ્લા ૧ વર્ષમાં વિદ્યાર્થીઓના રમકડાં ઘરના કોન્સેપ્ટના કારણે શાળામાં આવી રમવાની તકો શોધતા થાય,
- શાળાના **Toy Classroom** રમકડાં ઘરના કારણે બાળકો શાળાએ આવે, વર્ગમાં ભણે, શાળામાં રોકાય અને શાળા પ્રત્યે અભિમુખ થયા.
- વિદ્યાર્થીઓમાં બહુ આયામી ખ્યાલોનો વિકાસ થયો, શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા થયા. શિક્ષણ સાથે અનુબંધ કેળવી શક્યા..

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- છેલ્લા 18 મહિનામાં રમકડાં ઘરના ઉપયોગ બાદ વિદ્યાર્થીઓમાં શાળામાં વિવિધ વિષય શિક્ષણમાં ધ્યાન કેન્દ્રિત કરવું, અભ્યાસ કરવો અને વિષય સાથે રમકડાંઓને અનુસંધાન જોડીને ભણવાથી પાયાની સાક્ષરતા સિદ્ધ કરવામાં આવી.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

- વિદ્યાર્થીઓ સવિશેષ ધોરણ ૧/૨ ના વિદ્યાર્થીઓ શાળાએ આવવા તત્પર રહે છે.
- વિદ્યાર્થીઓની હાજરી વધારો થયો, સ્વતંત્રતાના ગુણનો વિકાસ થયો અને વિષય શિક્ષણમાં રસ લેતા થયા.
- વાલીઓ શાળાના ભાવાવરણમાં રસ કેળવતા થયા સાથે શાળાકીય બાબતોમાં સહભાગી થયા.

**ક્યુઆર કોડ-**

## શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**:પટેલ હેતલબેન જશવંતલાલ. **હોદ્દો**... આ શિક્ષક.
**શાળા/સંસ્થાનું નામ** :-... પે સેન્ટર શાળા, કેલિયા વાસણા, ધોળકા
**ક્લસ્ટર/ક્યૂડીસી**:-ચલોડા
**મોબાઈલ નંબર**:- 9726946558
**ઈમેલ આઈડી**:hetalpatel6834@gmail.com
**વિભાગ**- પ્રાથમિક
**કેટેગરી**- પેડાગોજી આધારિત
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામૂહિક + વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- સને-2015થી
**નવતર પ્રયોગનું શીર્ષક** :- શિક્ષણ સાથે બાળકનો સર્વાંગી વિકાસ.

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો**:

- એકધારા અધ્યયન અધ્યાપનની પ્રક્રિયાથી બાળકોને ઓછું યાદ રહેવું.
- પ્રિય બાળકોમાં વર્ગખંડમાં ઉત્સાહનો અભાવ.
- માત્ર Teacher Talking થી બાળકો યાદ રાખી શકતા ન હતા.

**હેતુઓ** :-

- **L.M** ના ઉપયોગથી બાળકો વ્યક્તિગત રીતે **L.M** ને સ્પર્શ કરે, તેના વિશે વિચારે અને ઝડપથી **Life Time** યાદ રાખી શકે છે.
- બાળકમાં રહેલો ડર દૂર કરી તેમનામાં નીડરતા અને લીડરતાના ગુણ વિકસાવવાનો છે.
- શિક્ષક અને બાળકો વચ્ચેનો ભય દૂર કરી આત્મીય સંબંધો બાંધવાનો છે.
- પ્રજ્ઞા અને બાલવાટિકાના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તથા વિશિષ્ટ શક્તિ બહાર આવે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

મારી શાળા કેલિયા વાસણામાં પ્રજ્ઞા વર્ગ ધોરણ -1 અને બાલવાટિકાનાં બાળકો વર્ગ ખંડમાં થતા શૈક્ષણિક ગીતો, અભિનય ગીતો. સર્જનાત્મક પ્રવૃત્તિઓ. સર્કલ ટાઈમ ની પ્રવૃત્તિ. મુક્તરમત, સ્થાપત્ય પ્રવૃત્તિ, નાટ્યકરણ પ્રવૃત્તિ વિશે જાણે છે આ ઉપરાંત વર્ગખંડમાં દિવસ દરમિયાન બાળકોનો વિકાસ કરતી સર્જનાત્મક પ્રવૃત્તિ કરાવવામાં આવે છે જેમાં ચિત્રકામ, રંગપૂર્ણિ, ચીટક કામ, કોલાઝ વર્ક, છાપ કામ, ગડી કામ, ચિત્ર વાર્તા તથા થીમ આધારિત પ્રાણી /પક્ષી /વાહન /શરીરના અંગો વગેરે ચિત્ર પુસ્તિકા નો ઉપયોગ કરે છે. બાળકો પાસે જ તે અંગેની ચર્ચા કરવામાં આવે છે જેથી બાળકોની કથન શક્તિ નો વિકાસ થાય.મારા વર્ગખંડમાં રમકડાં કોર્નર, વાર્તા કોર્નર, થીમ આધારિત કોર્નર તથા ગણિત કોર્નર પણ બનાવેલ

છે જેનો બાળકો દરરોજ ઉપયોગ કરે છે આ ઉપરાંત વર્ગખંડમાં મૂર્ત વસ્તુઓ જેવી કે પિસ્તાનાં ફોતરા,કાંકરા,કચુકા,કોડિયો,આઈસ્ક્રીમનીચમચી,મણકા,Blocks,Tiles,Soild,Shapes,Play Money,Domino Number Cardનો પણ ઉપયોગ કરવામાં આવે છે આ ઉપરાંત વર્ગખંડમાં બાળકોને G Shala, youtube તથા google ના માધ્યમથી પણ શિક્ષણ આપવામાં આવે છે એટલે કે ટેકનોલોજી નો પણ ઉપયોગ કરવામાં આવે છે તદ્પરાંત નિપૂણ ભારત અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ માટે .

Basic Activity

- Personal hygiene&grooming,Dressing,Toileting,Transferring,Eating જેવી પ્રવૃત્તિઓનું જ્ઞાન પણ આપવામાં આવે છે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-L.Mનો ઉપયોગ તથા અવનવી પ્રવૃત્તિઓ કરાવવા શિક્ષક પણ બાળક સાથે જોડાય છે.બાદ શિક્ષક વારંવાર પ્રવૃત્તિ કરાવે છે.અને તે રીતે કેટલા બાળકોએ ગ્રહણ કર્યું તેનું મૂલ્યાંકન થાય છે.

**નવતર પ્રયોગનું પરિણામ**:-નવતર પ્રયોગ કર્યા પૂર્વે 40% બાળકો અધ્યયન અધ્યાપનની પ્રક્રિયામાં ભાગ લેતા હતા.વર્ગખંડમાં મૂર્ત વસ્તુઓનો ઉપયોગ,એક્ટિવિટીના ઉપયોગથી 75 %બાળકો અધ્યન અધ્યાપનની પ્રક્રિયામાં ઉત્સાહથી ભાગ લેતા થયા તથા Activity અનુસાર L.O પણ સિદ્ધ થાય.

**ઉપયોગિતા** :

L.M + વર્ગખંડની એક્ટિવિટી દ્વારા બાળકો વયકક્ષા અનુરૂપ ઉત્સાહથી ભાગ લઈ શિક્ષણને જીવન કૌશલ્ય સાથે સાંકળીને ચેતનવંતું બનાવે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-વર્તમાન સ્થિતિએ બાળકના માઇન્ડને તપાસીને તે પ્રમાણે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે અને બાળકને શિક્ષણ તરફ આગળ વધારવામાં આવે છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ -**

## શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**:- વાળા ભરતભાઈ કાળુભાઈ

**હોદ્દો**:- આ.શિક્ષક

**શાળા/સંસ્થાનુંનામ**:-ગલશાણા પ્રાથમિક શાળા

**ક્લસ્ટર/ક્યૂડીસી**:-વાસણા. **મોબાઈલ નંબર**:-9726617177

**ઇમેલઆઇડી**:valabharat205@gmail.com

**વિભાગ**- પ્રાથમિક

**કેટેગરી**- સાંપ્રત વિષયો

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :-સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-ઓગસ્ટ

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: 2023-24માસ: સપ્ટેમ્બર

**નવતર પ્રયોગનું શીર્ષક** : લોકભાગીદારી

**સમસ્યા ઉદ્ભવના કારણો**:- શૈક્ષણિક સાધનોમાં આર્થિક અવરોધતા પરિબળો

- ટેકનોલોજી સાધનસામગ્રીમા અછત

**હેતુઓ** :- શાળામાં ભૌતિક સુવિધાઓનો અભાવની દુર કરવા

- શાળામાં સર્વાંગી વિકાસનો લક્ષ્યાંક
- શૈક્ષણિક ટેકનોલોજીના સાધનોનો અભાવ દુર કરવા

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

નોંધ : ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રકિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

- શાળા સાથે જોડાયેલ વિધાર્થીઓ,શિક્ષકગણ,એસ.એમ.સી.સભ્યો,વાલીગણ,તેમજ ગામના આગેવાનોના સહકારથી શાળાનો સર્વાંગી વિકાસ કરવાનો લક્ષ્ય પૂર્ણ કરવું.
- શાળામાં આ પ્રયોગ અને મુલાકાત દરમિયાન દાતાઓ અને સહભાગીદાર સાથે મળી શાળાની જરુરિયાત વિશે ચર્ચા.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

- ❖ આ પ્રયોગમાં સામૂહિક પ્રયાસથી શાળાની તમામ સુવિધાઓ તથા સલામતી માટે પ્રયત્નશીલ રહી શાળાને ગતિશીલતા તરફ કૂચ કરવી.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )

- આ વાત અને મુલાકાત દરમિયાન ગામના આગેવાન એવા પ્રકાશભાઈ ચલાલિયા દ્વારા સ્વચ્છતાના સાધનો ભેટ.

**ઉપયોગિતાઃ**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

-મળેલ ફંડ તેમજ દાનથી શાળામાં સ્વચ્છતા સાધનો, રમતોના સાધનો, પ્રોજેક્ટ વર્ક, ટી.એલ.એમ સાધનોનો ઉપયોગ.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

- આજે શાળામાં અધતન ટેકનોલોજી સભર શિક્ષણકાર્ય તેમજ સર્વાંગી વિકાસ.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**: અખેડ ભાવિનકુમાર અરસીભાઈ

**હોદ્દો**:- મ.શિ.(માધ્યમિક વિભાગ)

**શાળા/સંસ્થાનુંનામ**:- ધી બિરલા એન્ડ હરજીવનદાસ હાઈસ્કુલ-ધંધુકા

**ક્લસ્ટર/ક્યૂડીસી**:-પે.સે. કુમારશાળા -૩ **મોબાઈલ નંબર**:- 99241 86879

**ઇમેલઆઇડી**:- bhavinahir75@gmail.com

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-ઓગસ્ટ-૨૦૨૩

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: 2023-24 માસ: સપ્ટેમ્બર...ચાલુ...........

**નવતર પ્રયોગનું શીર્ષક** : Online Paperless Test

**સમસ્યા ઉદ્‌ભવના કારણો**:- ઓફલાઈન પરીક્ષામાં(એકમ કસોટી) વધુ પડતા ગે.હા. રહેતા વિદ્યાર્થીઓની સમસ્યા.

**હેતુઓ** :- ઓફલાઈન પરીક્ષા(એકમ કસોટી) દરમિયાનવિદ્યાર્થીઓ ગે.હા. હોવા છતાં તેજ તારીખે અનુકુળતા મુજબ પરીક્ષા આપી શકે છે.

- સાંપ્રત સમયમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટનું જ્ઞાન.
- પુસ્તકિયા જ્ઞાન સાથે અજાણી ૨૧મી સદીમાં ટેકનોલોજીના ઉપયોગથી વાકેફ કરવા.
- પેપરલેસ પરીક્ષા જેથી કાગળ અને વૃક્ષોનો બચાવ અને પર્યાવરણનું જતન.
- પરીક્ષા પૂર્ણ થતાની સાથે રિઝલ્ટ.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

- Computer, Laptop, Mobile, Tablet
- Internet
- Google Search Engine
- Google Sheet

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-

- ✓ સૌપ્રથમ ઓફલાઈન પરીક્ષા લેવામાં આવી ત્યારે ગે.હા.સંખ્યા વધારે જોવામાં આવી.
- ✓ ત્યારબાદ OnlineTest ના પ્રયોગ દ્વારા સંપૂર્ણ વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦% ટેસ્ટ આપવામાં આવી.

**નવતર પ્રયોગનું પરિણામ**:-

- પ્રયોગ પૂર્વે ગે.હા. વિદ્યાર્થીઓની સંખ્યા ઓફલાઈન પરીક્ષામાં ૭૦% થી ૭૫% રહેતી.

- OnlineTest દ્વારા ૯૨% થી ૯૫% પરીણામ.

**ઉપયોગિતા :**

- ➢ આપેલ ટેસ્ટનો રેકોર્ડ રહે છે અન excel sheet માં સ્ટોર થાય છે.
- ➢ નોટીસ બોર્ડ પર તેમજ વાલીઓને ગૃપ તેમજ પર્સનલ સીટ મોકલી શકાય છે.
- ➢ ટેસ્ટ આપ્યા બાદ વિદ્યાર્થીઓ પોતે પોતાની ભુલનું મૂલ્યાંકન કરી શકે છે.
- ➢ પુસ્તકિયા જ્ઞાન સાથે અજાણી ૨૧મી સદીમાં ટેકનોલોજીના ઉપયોગથી વાકેફ કરવા.
- ➢ પરીક્ષા પૂર્ણ થતાની સાથે રિઝલ્ટ.
- ➢ દરેક વિધાર્થી પરીક્ષા આપતા થયા.
- ➢ ટેસ્ટ બાદ તરત જ તેમના **E-mail** માં સર્ટીફીકેટ આવી જાય છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

- ગે.હા. વિદ્યાર્થીઓ પેપર આપતા થયા.
- વિદ્યાર્થીઓ ગમે ત્યારે લિંક દ્વારા પપેર જોઈ શકે છે.
- ટેસ્ટનું પરીણામ વાલી જોઈ શકે છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** સરલાદેવી કમલેશકુમાર તિવારી

**હોદ્દો:-** આસી. શિક્ષક

**શાળા/સંસ્થાનું નામ :-** આદર્શ પ્રાથમિક શાળા,મેમદપુર

**ક્લસ્ટર/ક્યૂડીસી:-** બીબીપુરા **મોબાઈલ નંબર:-** 7984914615

**ઈમેલ આઈડી:** satripathi1143@gmail.com

**વિભાગ-** પ્રાથમિક

**કેટેગરી-** સાંપ્રત પ્રવાહો

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** 5 મી જૂલાઇ 2023 થી

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** સતત

**નવતર પ્રયોગનું શીર્ષક :-** પુસ્તક સંજીવની પ્રોજેકટ

**સમસ્યા ઉદ્દભવના કારણો:**

- ઉપ્લબ્ધ પુસ્તક સાહિત્યનું અવ્યવસ્થાપન.
- વિદ્યાર્થીઓની પુસ્તક વાંચન પ્રત્યેની નીરસતા.
- પુસ્તકોના ઉપયોગની સંદિગ્ધતા.
- વિદ્યાર્થીઓના પુસ્તક વાંચન પ્રત્યેની નીરસતા.

**હેતુઓ :-**

❖ ઉપ્લબ્ધ પુસ્તક સાહિત્યનું વ્યવસ્થાપન સરળ બને.

- વિધાર્થીઓના પુસ્તક વાંચન રસ વધારવો.
- વિધાર્થીઓ પુસ્તકોનું મહત્વ સમજે .
- પુસ્તકલાયનું સાર્વત્રિકરણ સરળ બને.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

નવતર પ્રયોગોના ઉપયોગ પહેલા પુસ્તકોનું વ્યવસ્થાપન જટીલ હતું. તેના માટે તમાંમ પુસ્તકોને વિષય આધારીત વિભાજિત કર્યા. વિષયોની યાદીના ક્રમને એક યુનીક કલર કોડ આપવામાં આવ્યો સાથે જ યુનિક ડિજિટ આપવામાં આવ્યા. આજ વિષય ઉપર એક એપ્લિકેશન બનાવવામાં આવી.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે સર્વપ્રથમ પ્રાર્થના સભામાં ચાલતી વિવિધ પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓને અવશ્ય પુસ્તકાલય ની મુલાકાત  લેવી પડે તેવી વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યું. વિવિધ સ્પર્ધાઓઑ જેવીકે વાર્તા કથા, લેખન, બાળકવિ, ગીત સ્પર્ધા, પુસ્તક સમીક્ષા, નિબંધ વેગેરે યોજીને પુસ્તકાલયને સજીવન કરવામાં આવ્યું. પુસ્તકાલય નો ઉપયોગ શાળા બહારની વ્યક્તિઓ માટે ખુલ્લો મુક્કાવામાં આવ્યો.

**નવતર પ્રયોગનું પરિણામ**:-નવતર પ્રયોગ કર્યા પૂર્વેની  પુસ્તકાલયના ઉપયોગની ટકાવારીની દ્રષ્ટી એ જોઈએ તો સરેરાશ 25% જેવો થતો હતો. પરંતુ નીચેના કોષ્ટક  જોતાં તેનો ઉપયોગ ક્રમશ: વધેલ છે.તે જોઈ શકાય છે. :

**ઉપયોગિતા** :

ગુજરાત રાજ્યની તમામ પ્રાથમિક , માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ શિક્ષકો તથા વાલી ગણ અને અન્ય જાહેર જનતા પૂરતો રહેશે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-ઇન્ટરનેટ તકનીકીના આધુનિકીકરણ (updation) દ્વારા પ્રસ્તુત પ્રોધોગિકી સંજીવની પુસ્તકાલય એપ વધુ માં વધુ ઉપયોગી અને વિસ્તૃતિકરણ થાય તેવી કામગીરી પ્રક્રિયામાં છે .

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** અશ્વિનકુમાર ડાહ્યાલાલ ડાભી
**હોદ્દો:-** આ.શિક્ષક.
**શાળાનું નામ:-** ગલસાણા પ્રાથમિક શાળા તા.ધંધુકા જિ.અમદાવાદ
**ક્લસ્ટર:-** રંગપુર
**મોબાઈલ નંબર:-** 98985 96696
**ઇમેઈલ આઇડી:-** ashvindabhi.1911@gmail.com

**વિભાગ-** પ્રાથમિક

**કેટેગરી-** મૂલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:**જુન 2022-23 થી

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: 2022-23 થી ચાલુ...........

**નવતર પ્રયોગનું શીર્ષક :** ડીજીટલ વિદ્યાર્થી બચત બેંક (Digital Saving Bank)

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-**

વિદ્યાર્થીઓ દ્વારા ખોટા ખર્ચ કરી રૂપિયા વેડફવા, રૂપિયાનો ઉચિત ઉપયોગ ન કરવો.

**હેતુઓ :-**

- વિદ્યાર્થીઓમાં આર્થિક બચતની ભાવના કેળવાય.
- રૂપિયાનો ખોટા ખર્ચ કરતા અટકે.
- નાણાંકીય વ્યવહાર કરવામાં કુશળતા આવે.
- બેંકની વહીવટી પ્રક્રિયાથી માહિતગાર થાય.
- મુદલ,વ્યાજ ની સંકલ્પના સમજે.
- ગણિતનું વ્યવહારિક ઉપયોજન

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

શાળા સાથે જોડાયેલ વિધાર્થીઓ, શિક્ષકગણ,એસ.એમ.સી.સભ્યો,વાલીગણ,તેમજ ગામના આગેવાનોના સહકાર થી વિદ્યાર્થીઓમાં રૂપિયા બચાવવાનો ભાવ કેળવાય તે માટે ડિજીટલ વિદ્યાર્થી બચત બેંક વર્ષ:2022-23 થી કાર્યરત છે.

ખાસ કરીને ગામડાઓમાં રહેતા પરિવાર મોટાભાગે આર્થિક રીતે સધ્ધર જોવા મળતા નથી. ત્યારે ગામડાના બાળકોમાં આર્થિક વ્યવહારની સમજણ આપવાનું કામ ડિજિટલ બેંકે કર્યું છે. શાળાએ વાપરવા લાવતા બે,પાંચ કે દસ રૂપિયામાંથી બાળકોને ખર્ચ કર્યા બાદ વધતા રૂપિયા બચત બેંકમાં રાખવા સમજ આપી .તેથી બાળકો ડિજિટલ બેંકમાં પૈસા જમા કરાવતા થયા છે. અત્યારે ગલસાણા પ્રાથમિક શાળામાં ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે એક ડિજિટલ બચત બેંક ચાલી રહી છે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-** ગામડાના બાળકોમાં આર્થિક વ્યવહારની સમજણ આપવાનું કામ ડિજિટલ બેંકે કર્યું છે.જેનાથી તેઓ બચત કરતા થયા અને માસના અંતે તેઓ દ્વારા કેટલી બચત થઇ તેની ચર્ચા કરવામાં આવે છે. જે વિદ્યાર્થી દ્વારા સૌથી વધુ બચત કરવામાં આવી હોય તેને અભિનંદન આપવામાં આવે છે,

**નવતર પ્રયોગનું પરિણામ:-**

વિદ્યાર્થીઓ દ્વારા નાસ્તાના ખર્ચ માટે ઘરેથી જરૂરિયાત કરતા વધુ રૂપિયાની માંગણી કરીને ખોટો ખર્ચ કરવામાં આવતો. પરંતુ જયારે વિદ્યાર્થીઓને રૂપિયાની બચતનું મહત્વ સમજાવ્યું, ત્યારે તેઓ બચત કરવા માટે સહમત થયા અને બચત બેંક કાર્યાન્વિત થઇ. બચત બેંકના માધ્યમથી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ દરમિયાન જે બચત કરવામાં આવી,તે બચતનો ઉપયોગ ચોપડા, બોલપેન, સ્કેલ વગેરે વસ્તુઓ લેવામાં, સહ-અભ્યાસિક પ્રવૃતિમાં, પ્રોજેક્ટ કાર્યમાં ચાર્ટ બનાવવા,તેમજ પોતાના વ્યક્તિગત ખર્ચ કરવામાં,ઉપરાંત શાળામાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું તેમાં થયો હતો. **વિદ્યાર્થીઓમાં** આર્થિક બચત કેમ કરવી ? તેનું આર્થિક બચતનું મહત્વ સમજ્યા.ઉપરાંત ગણિતનું વ્યાવહારિક ઉપયોજન કરતા થયા.તેમજ વિદ્યાર્થી પોતાના ખર્ચ પોતે ઉપાડી આત્મનિર્ભર બન્યા.

**ઉપયોગિતાઃ**

બચત બેંકના માધ્યમથી શાળાના ધો.4 થી ઉપલા ધોરણના બધાં વિદ્યાર્થીઓને આ નવતર પ્રયોગમાં જોડી શકાય.

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-

આજે શાળામાં બચત બેંકની પ્રવૃત્તિ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી એટલે કે **Khata Book** એપ દ્વારા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા પાંચ કે દસ રૂપિયા જેવી બચત રોજ કરવામાં આવી રહી છે. એક વર્ગખંડમાં એક મહિનામાં 500 થી 800 રૂપિયા જેવી રકમ જમા થાય છે. વર્ગખંડમાંથી મોટાભાગના બાળકો બચત કરતા થયા છે..

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ:** સંતોષબેન વસંતભાઈ સોની **હોદ્દો:-** ઉ.શિ.

**શાળા/સંસ્થાનું નામ :-** હડાળા કુમાર પે. કેન્દ્ર શાળા (ફેદરા)

**ક્લસ્ટર/ક્યૂડીસી:-** ફેદરા **મોબાઈલ નંબર:-** 957444725

**ઈમેલ આઈડી:-** santoshsoni9090@gmail.com

**વિભાગ-** પ્રાથમિક

**કેટેગરી-** મૂલ્ય શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** ડિસેમ્બર-૨૦૨૨

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: - માસ: ૯ માસ

**નવતર પ્રયોગનું શીર્ષક :-** ઉપચારાત્મક રમકડાં અને દૈનિક જ્ઞાન નો ઓનલાઈન ખજાનો

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-**

- વિદ્યાર્થીઓની ગણનમાં રહેલી કચાશ.
- વિદ્યાર્થીઓની ગણિત વિષય પ્રત્યેની ઓછી રસરૂચી
- ગણિતની પાયાની ક્રિયાઓમાં રહેલી કચાશ થી અભ્યાસમાં રહેતી કચાશ

**હેતુઓ :-**

- ગણિતની પાયાની ચાર ક્રિયાઓનું જ્ઞાન મેળવે.
- ગણનમાં રહેલી કચાશ દૂર થાય.
- પાઠ્યક્રમ ચલાવવામાં સરળતા રહે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

- ગણિત જેવા વિષયમાં પાયાની ક્રિયાઓમાં જો વિદ્યાર્થીમાં કચાશ જોવા મળશે તો બાળક ગણિત વિષયના પાઠ્યક્રમને સમજવામાં નિષ્ફળ રહે. આથી બાળકોને ગણિત વિષય અઘરો ના લાગે તે માટે ઉપચારાત્મક (FLN) રમડાંઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ ગણિતની ગણનની પાયાની ક્રિયાઓ ઉપરાંત સંખ્યાજ્ઞાન, પૂર્ણાંક સંખ્યાઓના સરવાળા-બાદબાકી જેવી ક્રિયાઓ રમતના માધ્યમ દ્વારા શીખી શકે છે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-**

- આ નવતર પ્રયોગ માટે સૌપ્રથમ બાળકોની પૂર્વ કસોટી લેવામાં આવી હતી ત્યારબાદ બાળકોને આ નવતર પ્રયોગ દ્વારા શીખવવામાં આવ્યું હતું અને દર મહિનાના અંતે ઉત્તર કસોટી દ્વારા મૂલ્યાંકન પ્રક્રિયા કરવામાં આવી હતી.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

- નવતર પ્રયોગ કર્યા પહેલા ની સ્થિતિ

  ધોરણ-6 = 25 માંથી 10

  ધોરણ-7 = 22 માંથી 12

  ધોરણ-8 = 26 માંથી 13

- નવતર પ્રયોગ કર્યા પછી ની સ્થિતિ

  ધોરણ-6 = 25 માંથી 18

  ધોરણ-7 = 22 માંથી 17

  ધોરણ-8 = 26 માંથી 21

**ઉપયોગિતા :**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

- નવતર પ્રયોગ ધોરણ-3 થી ધોરણ-8 ના દરેક વિદ્યાર્થીને લાગુ પાડી શકાય છે, વિદ્યાર્થી ગણનમાં ગણિતની વિવિધ ક્રિયાઓમાં પ્રિય હોય.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

- આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓની ગણિત પ્રત્યેની રસ રુચિમાં વધારો થયેલો છે, આ નવતર પ્રયોગ અત્યારે ચાલુ છે.
- **ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

## શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**: ડો. નિતીન. જે ઉમરાણીયા

**હોદ્દો**:- મદદનીશ શિક્ષક..

**શાળા/સંસ્થાનું નામ** :- આ કે વિદ્યામંદિર,બાવળા

**મોબાઈલ નંબર**:- 9106877603.

**ઈમેલ આઈડી**:-nitin123panchal@gmail.com

**વિભાગ**- ઉચ્ચતર માધ્યમિક

**કેટેગરી**- શૈક્ષણિક મૂલ્યાંકન

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :-વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-

માસઃ 1 જુલાઈ ૨૦૨૩ થી 1 ઓક્ટોમ્બર ૨૦૨૩

**નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: ૩ માસ

**નવતર પ્રયોગનું શીર્ષક** :- મનોભારનું માપન કરવું

**સમસ્યા ઉદ્ભવના કારણો**:- વિદ્યાર્થીઓ પરીક્ષા આવે ત્યારે પેપર સારી રીતે લખી શકતા નથી તેમ જ તેમને પેપરની માનસિક ચિંતા હોય છે. કારણ કે કોરોના સમયગાળામાં તેમને લખવાની પ્રેક્ટિસ છૂટી ગઈ હતી તેમને ભણવા પ્રત્યે બેદરકારી હતી તેથી તેમને સતત ભણવાની ચિંતા હોય છે.

**હેતુઓ** :- 1. વિદ્યાર્થીઓનો મનોભાર જાણવો.

2. મનોભારની શિક્ષણ પર થતી અસર તપાસવી

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

નોંધ : ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રકિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક કસોટી વિશે માહિતી આપી ત્યાર પછી તેમને જુદી જુદી માનસિક  શક્તિ જેવી વ્યક્તિત્વ, અભિયોગ્યતા,હતાશા, ચિંતા તેમજ મનોભારનું માપન થઈ શકે છે તે વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું ત્યાર પછી વિદ્યાર્થીઓને મનોભાર વિશે સમજાવવામાં આવ્યું તેમજ તેમની પાસેથી મનોવૈજ્ઞાનિક કસોટી તરીકે મનોભારની કસોટી ભરાવી ત્યાર પછી તેને આધારે તેના પ્રાપ્તાંકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને તેમની મનોબળની કક્ષા નક્કી કરવામાં આવી.

**નવતર પ્રયોગનું પરિણામ**:-

નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )

1. વિદ્યાર્થીઓમાં મનોભાર કસોટી આપ્યા પહેલા વિદ્યાર્થીઓને સતત પરીક્ષાની ચિંતા રહેતી હતી.
2. મનોભાર કસોટી દ્વારા ૩૦ વિદ્યાર્થીઓનું માપન કરવામાં આવ્યું જેમાંથી ૧૦ વિદ્યાર્થીઓમાં મનોભાર જોવા મળ્યો હતો.
3. ત્યાર પછી મનોભાર ઉત્પન્ન થવાના કારણો જાણ્યા પછી તેના ઉપાયો કર્યા અને વિદ્યાર્થીઓનો દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

**ઉપયોગિતા** :

વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય. ધો-૪ થી 12

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-

મનોભાર દૂર કરવાના પ્રયત્નો સતત ચાલુ રાખવામાં આવશે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**

## શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય



**ઇનોવેટીવ શિક્ષકનું નામ**: ધર્માંશુ શિવરામ પ્રજાપતિ   હોદ્દો : આચાર્ય

**શાળાનું નામ** : ઈંગોલી પ્રાથમિક શાળા, તાલુકો: ધોળકા,જિલ્લો : અમદાવાદ

**મોબાઈલ નંબર** : 9924226043,

**ઈમેલ આઈડી** : dharmanshuprajapati@gmail.com..

**વિભાગ** : પ્રાથમિક વિભાગ..

**નવતર પ્રયોગની કેટેગરી** : શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ?** સામૂહિક..

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે ?** વર્ષ : ૨૦૨૦ થી કાર્યરત...

**નવતર પ્રયોગનું શીર્ષક**: શૈક્ષણિક ટેકનોલોજીના ઉપયોગ થકી વિદ્યાર્થીઓની ગુણવત્તામાં અભિવૃદ્ધિ..

**સમસ્યા ઉદભવના કારણો** :

- વિદ્યાર્થીઓની વિષય અનુરૂપ અધ્યયન નિષ્પત્તિમાં કચાશ, વિદ્યાર્થીઓ શિક્ષણમાં ટેકનોલોજીથી વિમુખ

**હેતુઓ** :

- આર.ટી.ઈ.-૨૦૦૯ મુજબ તમામ વિદ્યાર્થીઓને સમાન તક, નિપુણ ભારત અંતર્ગત એફ.એલ.એન. ના લક્ષ્યો સિદ્ધ કરવા.
- ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને બુદ્ધિઆંકમાં વધારો કરવો , ટેકનોલોજી તરફ અભિમુખ કરવા

**અમલીકરણની વ્યૂહરચના**:

- વિદ્યાર્થીઓને વર્ગમાં અને પ્રાર્થનાસભામાં વિવિધ શૈક્ષણિક એપ્લીકેશન જી-શાળા, રીડએલોંગ, શાળામિત્ર, દિક્ષા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- વાલીઓને મુલાકાત અને વોટ્સએપ ગ્રુપ, સમયાંતરે એસ.એમ.સી. બેઠક તેમજ વાલીમિટિંગ થકી ટેકનોલોજીની ઉપયોગીતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- શાળાના તમામ વિદ્યાર્થીઓનું વિવિધ એપ્લીકેશનમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. - એપ્લીકેશનના ઉપયોગ માટે જરૂરી સામગ્રી ટેબલેટ, સ્માર્ટ ટી.વી., પ્રોજેક્ટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ એન.જી.ઓ. અને લોકસહયોગથી પ્રાપ્ત કરવામાં આવ્યા.
- શિક્ષકો દ્વારા વિવિધ એપ્લીકેશનની સમજ, ઉપયોગીતા સાથે સમયાંતરે મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- શાળા તરફથી વર્ષ દરમિયાન 'સમગ્રતયા' ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વર્ગના વિદ્યાર્થીને 'તેજસ્વી પ્રતિભા સન્માન' ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવે છે જેમાં એપ્લીકેશન ઉપયોગના ગુણાંકનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન** :

- ત્રણ વર્ષમાં વિવિધ એપ્લીકેશન ઉપયોગ કરતા થવાથી સત્રાંત અને એકમ કસોટીના સરેરાશ ગુણમાં તેમજ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધિમાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે.
- એફ.એલ.એન.માં સમાવિષ્ટ વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતામાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે.
- બાહ્ય પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની ટકાવારીમાં વધારો થયો અને મેરીટમાં પસંદગી પામેલ છે.
- શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ:૨૦૧૯-૨૦માં ૩ વિદ્યાર્થીઓ, વર્ષ:૨૦૨૦-૨૧માં ૩ વિદ્યાર્થીઓ, વર્ષ:૨૦૨૧-૨૨માં જિલ્લામાં સૌથી વધુ ૨૫ વિદ્યાર્થીઓએ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન મેળવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ** : - વિદ્યાર્થીઓની હાજરી, નિયમિતતા અનેઅભ્યાસિક તત્પરતામાં વધારો થયો. વિદ્યાર્થીઓ શૈક્ષણિક ટેકનોલોજી ઉપયોગ કરતા થયા અને ટેકનોલોજીથી સજ્જ થયા. શિક્ષક સજ્જતામાં વધારો થયો.

- જી-શાળા, રીડએલોંગ એપ્લીકેશન ઉપયોગ ક્રમશ વર્ષ મુજબ ૯%, ૨૪%, ૩૦% જેટલો વધારો થયો.
- ગુણોત્સવ ૨.૦ પરિણામ: વર્ષ:૨૦૨૦-૨૧માં ૭૬.૪૯%, વર્ષ:૨૦૨૨-૨૩માં ૯૨.૭૬%, પરિણામમાં ૧૬.૨૭% નો વધારો થયો, ગુણોત્સવ ૨.૦ પરિણામ વર્ષ:૨૦૨૨-૨૩માં સમગ્ર રાજ્યકક્ષામાં ઈંગોલી પ્રાથમિક શાળાને ચોથો ક્રમ પ્રાપ્ત થયો.

**ઉપયોગિતા** :

- વિદ્યાર્થીઓ વર્ગમાં અભ્યાસ કરેલ એકમનું પુનરાવર્તન કરે છે.
- રીડ એલોંગના ઉપયોગથી વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતામાં વધારો થાય છે.
- જી-શાળા એપ્લીકેશનમાં વિદ્યાર્થીઓને રેંકિગ આપવામાં આવે છે.

**શાળામાં નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** : વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરી વિવિધ એપ્લીકેશનનો ઉપયોગ કરી રહ્યા છે. જેથી વિદ્યાર્થીઓની ગુણવત્તામાં અભિવૃદ્ધિ થઈ રહી છે.

**ફોટોગ્રાફ કે વીડિયો લિંક માટેનો કયુઆર કોડ-**